# શહેરની મીઠાઈની દુકાનો પર ભારે ભીડ



ગાંધીનગર.તા.૨૧

ગાંધીનગર માં દિવાળીની ખરીદીનો માહોલ જામ્યો છે. શહેરની ઉત્સવ પ્રેમી જનતા આખરે દિવાળીના તહેવારને મનાવવા માટે ઉત્સાહભેર ખરીદી અર્થે ઊમટી રહી છે અને શહેરની બજારોમાં દિવાળીની રોનક જોવા મળી રહી છે. બજારમાં લોકો ખરીદી માટે ઉમટી પડ્યાં છે. કપડાથી લઈને ઘર સજાવટ માટે ઉપયોગી વસ્તુઓની ખરીદી કરવા માટે લોકો પડાપડી કરી રહ્યા છે. જેમાંય ખાસ કરીને મહિલાઓ બહોળી સંખ્યામાં ખરીદી કરવા નીકળી રહી છે. બજારોમાં બે વર્ષ બાદ લોકો ઉત્સાહભેર ખરીદી કરતા નજરે પડી રહ્યા છે. દિપાવલી પર્વમાં નવા વર્ષની શુભેચ્છા આપવા આવતાં મહેમાનો મોં ભાંગી નાંખતી મિઠાઈઓ જોઈને મોં મચકોડવા લાગે છે ત્યારે મિઠાઈ સાથે નમકીન પિરસવાનો ટ્રેન્ડ ઘરઘરમાં જોવા મળી રહ્યો છે. ઘેર આવતા અંગત મહેમાનને મિઠાઈ અને નમકીન ડીશ સાથે ધરવામાં આવે છે ત્યારે કોઈ મહેમાન નાસ્તો કર્યા વગર ન જાય તે માટે મુકાતા નમકીન હવે ઘેર બનાવવાની પરંપરા દિવસે-દિવસે ઘટી રહી છે. આથી, દિવાળીમાં ફેવરીટ મઠીયા અને ચોળાફળી સહીતના નમકીનના ગૃહઉદ્યોગમાં મંદીની અસર જોવા મળતી નથી અને ખરેખર દિવાળી આવી હોય તેમ જણાય છે. મિઠાઈ અને ડ્રાયફ્રૂટ્સ મોંઘા બનતા કંઈક નવીનતારૂપે બિસ્કિટ્સની અવનવી વેરાયટીઓ ખરીદવાનો નવો ટ્રેન્ડ પણ જોવા મળી રહ્યો છે.રૂ.૧૮૦ થી લઈને ૧૦૦૦ ના ભાવે મળતી એક કિલો મિઠાઈએ રૂ.૭૫ થી ૩૦૦ સુધીનો ભાવ વધારો થયો છે. બીજી તરફ દિવાળીમાં ઘેર ઘેર શુભેચ્છા વ્યક્ત કરવા નીકળતા સ્વજનો મિઠાઈ શુકન પૂરતી જ ખાતાં હોવાથી કંઈક અલગ નાસ્તો મુકવાનો ટ્રેન્ડ શરૂ થઈ રહ્યાનું જણાય છે. ખર્ચમાં રાહતની સાથોસાથ નાવિન્ય દર્શાવવા માટે બિસ્કિટ્સની ખરીદી વધી રહી છે. બેકરીના ધંધાર્થી સૂત્રો કહે છે કે, બિસ્કિટ્સ શેકવાની ભઠ્ઠીમાં વપરાતાં લાકડાના ભાવમાં વધારો થયો છે. પરંતુ, ખાદ્ય, કાચા માલના ભાવ જળવાઈ રહેતા બિસ્કિટના ભાવમાં કિલોએ રૂ.૧૦ જેટલો વધારો થયો છે આ વર્ષે કોર્નફ્લેક્સ, ઘઉં કે બેસનના લોટના બિસ્કિટની નવી વેરાયટી પણ બજારમાં મુકાઈ છે. જો કે, ડ્રાયફ્રૂટનો મહત્તમ ઉપયોગ કરી બનાવાતાં બિસ્કિટ્સનો ભાવ રૂ.૧૫૦ થી ૪૨૦ સુધીનો છે. મહિલાઓ લોટ અને અન્ય સીધુસામાન આપીને બેકરીઓમાં નજીવું મહેનતાણું ચૂકવીને બિસ્કિટ્સ તૈયાર પણ કરાવે છે. બેકરીના ધંધાર્થીઓ કહે છે કે, મિઠાઈ અને ડ્રાયફ્રૂટ્સના ભાવમાં થયેલા વધારાનો ફાયદો નાની-મોટી બેકરીઓને આ દિવાળીએ થશે તેમ જણાય છે. બેકરી આઈટમ્સની માફક નમકીનના ધંધામાં પણ મંદી જોવા મળતી નથી. દિવાળીએ મઠીયા, ચોળાફળી અને ઘૂઘરાનું ચલણ વિશેષ જોવા મળે છે. એક સમય હતો કે જ્યારે મહિલાઓ ઘેર જ આ વસ્તુઓ બનાવતી. પરંતુ, હવે સમયના અભાવે મહિલાઓ રૂ?.૮૦ થી ૧૦૦ના એક કિલોના ભાવે મળતા મઠીયા અને ચોળાફળીના તૈયાર પેકેટ ખરીદી ઘેર જઈ જરૂરિયાત મુજબ તળી નાંખે છે. મિઠાઈઓ ખાઈને મોં ભાંગી ગયું હોવાનો અહેસાસ કરતાં લોકો મહેમાનોને થોડાં તીખાં તમતમતાં નમકીન પણ પિરસે છે. ફરસાણગૃહો અને ગૃહઉદ્યોગોમાં તૈયાર થયેલા ચવાણા, સેવચેવડો, ગાંઠીયા, ચેવડાના વીસ જેટલા અવનવા ઉત્પાદનોની ખરીદી જોતાં નાસ્તાની ખરીદીમાં મંદી હોય તેમ જણાતું નથી. રૂ.૯૦ થી ૧૨૦ના ભાવના આવા નાસ્તાની સાથે ડ્રાયફ્રૂટ્સવાળા ૧૫૦થી ૩૦૦ના એક કિલોની કિંમતે વેચાતા નમકીનની વેરાયટીઓ અને નડીયાદી મઠીયાની બોલબાલા જોવા મળી રહી છે. દિવાળીએ 'કૂછ મીઠા હો જાયેં'ની સાથે 'કૂછ નમકીન હો જાયેં'નો મંત્ર અપનાવ્યો હોય તેમ લાગી રહ્યું છે.

મીઠાઈની દુકાનોમાં લોકોની ભારે ભીડઃ

આ વર્ષે મંદીની અસર પણ જોવા મળી છે પરંતુ લોકોમાં તહેવારોનો ઉત્સાહ માર્કેટમાં જોવા મળી રહ્યો છે. લોકો દિવાળી માટે કપડા અને ઘર ડેકોરેશનના સામાનની ધૂમ ખરીદી કરી રહ્યા છે. તો મીઠાઈની દૂકાનો પર પણ લોકોની ભારે ભીડ જામી છે.

## મીઠાઈ-ડ્રાયફ્રૂટ મોંઘાં બનતાં બિસ્કીટ-ચોકલેટ અને તૈયાર મઠિયાં-ચોળાફળીનું ધૂમ વેચાણ

દીવાળીમાં અને નવા વર્ષમાં ઘરે આવતા મહેમાનોને મો મીઠું કરવાની પરંપરા છે જેથી દિવાળી સમયે મીઠાઈની ધૂમ ખરીદી કરવામાં આવતી હોય છે. આ વર્ષે મીઠાઈની ડિમાન્ડ વધી છે. કાજુકતરી, બરફી, અંજીરરોલ, મોહનથાળ સહિતની રંગબરંગી મીઠાઈઓ દુકાનો માં જોવા મળી રહી છે.

ભાવ વધારો છતાં મીઠાઈની ખરીદીમાં તેજીઃ

ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મીઠાઈમાં ૧૦થી ૧૫ ટકાનો ભાવ વધારો થયો છે. આ વર્ષે મીઠાઈના ભાવમાં વધારો થયો હોવા છતાં મીઠાઈની ખરીદીમાં તેજી જોવા મળી રહી છે. જેથી વેપારીઓને આ દિવાળી ફળશે તેવી આશા છે. કોર્પોરેટ કંપનીઓથી લઈને સામાન્ય ગ્રાહકો મીઠાઈ ખરીદી રહ્યાં છે. મોંઘવારીના માર વચ્ચે લોકો બજેટ અનુસાર ખરીદી કરી રહ્યાં છે.

**મિઠાઈઓ:**

ઘરમાં દિવાળી આવતા પહેલા મિઠાઈઓ બનવાની શરૂ થઈ જાય છે, ત્યારે ગુજરાતભરમાં મિઠાઈની દુકાનો પણ વિવિધ વાનગીઓ નિહાળતા-ખરીદતા લોકોથી ઊભરાતી હોય છે. ચાહે તે અમદાવાદની ખાસ મિઠાઈ મોહનથાળ અને મગસ હોય કે, વિવિધ પ્રકારના હલવા, ખંભાતની સુતરફેણી, સુરતની ઘારી, ઘૂઘરા, કાજુકતરી, સોહનપાપડી હોય કે ધનતેરસ અને બેસતું વર્ષ દરમિયાન ઘરે બનાવવામાં આવતો કંસાર હોય, આ મિઠાઈઓ તહેવારની ખુશીમાં ભરપૂર આનંદ ઉમેરે છે.

**ફરસાણઃ**

દિવાળી માટે મસાલેદાર અને સોડમદાર ઓપ્શન્સ ઓછા ઉપલબ્ધ નથી. લોકો ઘરમાં તળીને કે બેક કરીને મઠિયાં, ચોળાફળી, ચેવડો, સુંવાળી, શક્કરપારા અને ફરસી પુરી જેવી કેટલીય વાનગીઓ બનાવે છે. રાજ્યના બીજાં શહેરોમાં પણ જાણીતાં ફરસાણ જેમ કે જામનગરની કચોરી, ભાવનગરી ગાંઠિયા તેમ જ વાપીની નાનખટાઈ વગેરે ખવાતાં હોય છે.

**મઠિયાંઃ**

મઠિયાં વિના દિવાળી અધૂરી જ ગણાય. આ એકમાત્ર એવો તહેવાર છે જેમાં મઠિયાં તળેલા હોય કે બેક કરેલા હોય, બધા જ એને માણે છે. મઠિયાં મઠના લોટમાંથી બને છે અને આ લોટ હાઈ પ્રોટીનનો સારો અને સૌથી સસ્તો સૉર્સ છે.એમાં આઈસોલ્યુસીન અને લાયસીન જેવા જરૂરી એમીનો એસીડ પણ આવેલા છે.

**ચોળાફળીઃ**

દિવાળી દરમિયાન એક સ્વાદિષ્ટ અને પરંપરાગત ગુજરાતી નાસ્તો, ચોળાફળીનો સૌ વ્યાપકપણે આનંદ માણે છે. એ ચોળાના લોટમાંથી બને છે, જે ફાઈબરથી ભરપૂર અને કંઈક અંશે પ્રોટીન અને આયર્ન ધરાવે છે. હલકા અને ફલફી, મરચાં પાવડર અને આમચૂર પાવડર નાખીને મસાલેદાર બનતી આ વાનગી ચોક્કસપણે મોંમાં પાણી લાવતો નાસ્તો છે. તેને ફુદિનાની ચટણી સાથે પીરસવામાં આવે છે,

# અકસ્માતમાં ઈજાગ્રસ્ત શિયાળનો જીવ બચાવતા રેસ્કયુઅર્સ




ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના ગિફ્ટ સિટી રોડ ઉપર ગુરુવારે રાતે એક શિયાળ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવા પામ્યું હતું જેનો એક પગ કપાઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતાં પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુર્સ દ્વારા ઈજાગ્રસ્ત શિયાળનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું અને તેને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની મદદથી સારવાર માટે અમદાવાદ વાઈફ કેર સેન્ટરમાં સારવાર માટે દાખલ કરાવીને તેનો જીવ બચાવવામાં સફળતા મેળવી હતી. જીવદયાના આ પ્રસંશનીય સેવાકાર્યમાં રેસ્કયુઅર્સ અમિત ગોંડ, દેવલ ભાવસાર, અશુતોષ તિવારી, તેજસ રાવળ વગેરેએ સેવાઓ આપી હતી જેમને શહેરના વન્યજીવ અને પ્રકૃતિપ્રેમી નાગરિકો દ્વારા બિરદાવવામાં આવી રહ્યાં છે.

# સે. ૩ અને કલોલના ડિંગુચા ગામે કોરોનાનો એક-એક કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં ચાર દિવસ બાદ કોરોનાનો એક અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક વધુ કેસ મળી આવ્યો છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં થઈ રહેલી વધઘટ વચ્ચે રિકવરી રેટ સતત સુધરી રહ્યો હોવાથી તંત્રને રાહત છે. શહેરમાં આજે ૩ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં એક પણ દર્દીને ડિસ્ચાર્જ અપાયેલ નથી. શહેર-જિલ્લામાં કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ મળી રહ્યા છે અને આ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે. હોસ્પિટલાઈઝેશન રેટ પણ ઓછો હોવાથી તંત્રને રાહત છે. તંત્રએ છુટાછવાયા કેસો મળી રહ્યા છે તેને ધ્યાને રાખી સર્વેલન્સ સઘન કરવા તેમજ વેક્સિનેશન અભિયાન સઘન કરવા માટે ખાસ ભાર મુક્યો છે. જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે પર્વોને લઈ ખાસ સૂચના આપી છે તેમજ માસ્ક પહેરે લોકો તે જોવા પણ જણાવવામાં આવ્યુ છે. શહેર-જિલ્લામાં આજે નોંધાયેલ બન્ને કેસ પુરૂષ દર્દીના છે. જિલ્લાના કલોલ તાલુકાના ડીંગુચા ગામેથી ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને તાવ અને અન્ય લક્ષમો જણાતાં ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવતાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ પાંચ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩૬૧ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં સે. ૩ માં ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેર-જિલ્લામાં હાલ ૨૦ થી પણ ઓછા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# કારીગરો અને શ્રમિકોને "દિવાળીના પર્વ" નિમિત્તે મિઠાઈ વિતરણ કરી



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આલમપુર ખાતે નિર્માણ થઈ રહેલાં શૈક્ષણિક અને સમાજ સંકુલના બાંધકામના શિલ્પીઓ સમાન કારીગરો અને શ્રમિકોને "દિવાળીના પર્વ" નિમિત્તે આદિવાસી સમાજના આગેવાનો વી.આર. ચારેલ, નિવૃત્ત નાયબ કલેક્ટર મંગુભાઈ અસારી, ટ્રસ્ટના પૂર્વ પ્રમુખ ડૉ. કેન. બામણીયા, ટ્રસ્ટના વર્તમાન પ્રમુખ ભરતભાઈ મોડિયા તથા સમગ્ર કારોબારી સભ્યોના હસ્તે મીઠાઈનું વિતરણ કરી તમામને દિવાળીની શુભેચ્છાઓ સાથે નવા વર્ષની આગોતરી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# દિપાવલીના ફટાકડામાં વડાપ્રધાન મોદી છવાયા

## આ વર્ષે ફટાકડાઓમાં ઈલેકશનની અસરઃફટાકડાઓમાં મોદી-શાહના પોસ્ટરોવાળા ફટાકડા લોકપ્રિય બન્યા


ગાંધીનગર, તા. ૨૧

દિપાવલીના પાવન પર્વોની શરૂઆત થઈ ચુકી છે. શહેરમાં બે વર્ષ બાદ દિપાવલીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. શહેરીજનો પણ ભારે ઉત્સાહમાં જોવા મળી રહયા છે. બજારોમાં જોરદાર ખરીદી ચાલી રહી છે. ત્યારે દિપાવલીના દિવસે આતશબાજી માટેના ફટાકડાએ પણ ધુમ મચાવી છે. દિવાળીના દિવસે ફટાકડાઓથી શહેરમાં આતશબાજીનો માહોલ જામશે. જો કે દિપાવલીના અઠવાડીયા અગાઉથી જ ફટાકડાઓ ફોડવામાં આવી રહયા છે જેમાં આ વર્ષે ફટાકડાઓમાં અવનવી વેરાઈટીઓ જોવા મળી રહી છે. જેમાં મોદી-શાહના ફોટા સાથેના બોમ્બની બોલબાલા છે. આ ઉપરાંત ડ્રોન, ફનકેક, વોનકો, બુમરેંગ, રીપોસ્ટાર, પેરેડાઈઝ, ફીશ, લેશર શો, સ્કાયસ્ટ્રોમ, ફુલઝર ૧૦૦ સેમી, ચુલબુન ફુલઝર જે એક મીટરથી મોટી, સ્ટાન્ડર્ડ પેરાસુટ રોકેટ, હજાર શોર્ટ, ૨૫૦ શોર્ટ, ૫૦૦ શોર્ટ, ૨૫૦ શોર્ટની મોટી માંગ છે. સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા પર એક્ટ્રેસના પોસ્ટર હોય છે પરંતુ આ વખતે નેતાઓના પોસ્ટરવાળા ફટાકડા ખાસ આકર્ષણ જમાવી રહયા છે. આ સાથે હેલીકોપ્ટર શોટ, જમ્બો માર્સલ, એટમબોમ્બ, અભિનંદનના પોસ્ટરવાળા નવા ફટાકડા, ગરવી ગુજરાત, જમ્બો ૫૫૫ એટમબોમ્બ, નવી રંગબેરંગે કોઠી જોવા મળી રહી છે. દિવાળીના પર્વમાં લાખો રૂપિયાના ફટાકડા અને આતશબાજીની ચીજવસ્તુઓનું વેચાણ થશે.

નવરાત્રીમાં જેમ પુષ્પા સ્ટાઈલના ગરબા સ્ટેપ ફેમસ રહયા હતા તેમ આ દિવાળીમાં પણ પુષ્પા ફેમ અલ્લુ અર્જુન, પ્રભાસ, રશ્મિકા મંદાના પોસ્ટરવાળા ફટાકડાઓની બોલબાલા છે. બજારમાં આ વખતે મોંઘા ફટાકડા હોવા છતાં દિવાળીમાં લોકો લાખો રૂપિયાના ફટાકડા ફોડી નાંખશે. આ વર્ષે ફટાકડાનું ઉત્પાદન ૪૦થી ૫૦ ટકા સુધી ઘટતાં ભાવમાં ૮૦ ટકા જેટલો વધારો નોંધાયો છે.




### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટાવાળા ફટાકડા




હાલ ગુજરાતમાં ઈલેકશન આવી રહયું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ફોટાવાળા ફટાકડા ખુબ જ લોકપ્રિય થઈ રહયા છે. આ વર્ષે ફટાકડામાં અવનવી વેરાઈટીઓ આવી છે જેમાં મોદી-શાહના ફોટા સાથેના બોમ્બની બોલબાલા છે. ઉપરાંત ડ્રોન, ફનકેક, વોનકો, બુમરેંગ, રીપોસ્ટાર, પેરેડાઈઝ, ફીશ, લેશર શો, સ્કાયસ્ટ્રોમ, ફુલઝર ૧૦૦ સેમી, ચુલબુન ફુલઝર જે એક મીટરથી મોટી, સ્ટાન્ડર્ડ પેરાસુટ રોકેટ, હજાર શોર્ટ, ૨૫૦ શોર્ટ, ૫૦૦ શોર્ટ, ૨૫૦ શોર્ટ, હેલીકોપ્ટર શોટ, જમ્બો માર્સલ, એટમબોમ્બ, અભિનંદનના પોસ્ટરવાળા નવા ફટાકડા, ગરવી ગુજરાત, જમ્બો ૫૫૫ એટમબોમ્બ વગેરે ફટાકડાઓની બોલબાલા છે.

### પોપઅપ અને માચીસ ગનનું આકર્ષણ

ફટાકડા ફોડી દિપાવલી પર્વ ઉજવતાં બાળકો માટે દર વર્ષે ફટાકડામાં અવનવી વેરાઈટીઓ જોવા મળે છે. આ વર્ષે બાળકો માટે પોપઅપ અને માચીસ ગનનું આકર્ષણ જોવા મળી રહયું છે. પ્લાસ્ટિક માચીસ ગનના ધડાકા પણ અદભુત છે ઘરે ઘરે જોવા મળતી માચીસની દીવાસળી હવે ગનમાં ફુટશે માચીસ ગનમાં દીવાસળીની એક સળી મુકી ટ્રીગર દબાવતાં જ ધડાકો સંભળાય છે આ બંને આઈટમો આ વર્ષે બજારમાં આકર્ષણ જમાવી રહયું છે.